**અગ્રતા ક્રમ :** **૧૬**

**પ્રશ્ન ક્રમાંક :** **૧૫/૪/૪૦**

**તા.૦૨/૦૨/૨૦૨૪**

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી અમિત ચાવડા, આંકલાવ**

**પ્રશ્ન :-** **અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની હદમાં સાણંદ તાલુકાના ગામોની જમીન ભાડાપટ્ટે આપવા બાબત..**

## પૂરક પ્રશ્નોની યાદી

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | ➢ ઔડા દ્વારા કઇ રીતે પ્લોટ ભાડે આપવામાં આવે છે?<br>➢ ઔડા વેચાણથી પ્લોટ કઇ રીતે આપે છે?<br>➢ ઔડા દ્વારા રાહત દરે જમીન કઇ રીતે આપવામાં આવે છે?<br>➢ ઔડા દ્વારા ભાડાપટ્ટે જમીન કઇ રીતે આપવામાં આવે છે? | સુશ્રી પાયલબેન કુકરાણી, નરોડા |
| ૨ | અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા સત્તામંડળના પ્લોટ ભાડે પટ્ટે આપવાનો હેતુ શું છે? | શ્રી કિરિટસિંહ સરદારસિંહ ડાભી, ધોળકા |
| ૩ | ઔડા દ્વારા નિકાલ કરવામાં આવતી જમીનની કિંમત કઇ રીતે નક્કી કરવામાં આવે છે? | શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ, દસક્રોઇ |

**અગ્રતાક્રમ :- ૧૬**
**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૪૦**
**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**
**તા.૦૨/૦૨/૨૦૨૪**

**પેટા પ્રશ્ન ૧ (સુશ્રી પાયલબેન કુકરાણી, નરોડા)**

- ઔડા દ્વારા કઇ રીતે પ્લોટ ભાડે આપવામાં આવે છે?
- ઔડા વેચાણથી પ્લોટ કઇ રીતે આપે છે?
- ઔડા દ્વારા રાહત દરે જમીન કઇ રીતે આપવામાં આવે છે?
- ઔડા દ્વારા ભાડાપટ્ટે જમીન કઇ રીતે આપવામાં આવે છે?

**જવાબ:**

- ઔડા દ્વારા હંગામી ધોરણે ટુંકાગાળા માટે તા.૨૫/૦૯/૨૦૧૯ના રોજની ૨૭૮મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક-૩૭(૨૦૧૯-૨૦) મુજબ ભાડુ વસુલી વુધમાં વધુ ૧(એક) વર્ષ માટે વાણિજયક, સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક વિગેરે હેતુ માટે પ્લોટ ભાડે આપવામાં આવે છે.

- ઔડા દ્વારા નિકાલ કરવાના થતા પ્લોટોની લેન્ડ ડીસ્પોઝલ એન્ડ પ્રાઇઝ ફિકસીંગ કમિટી દ્વારા તળિયાની કિંમત નક્કી કરવામાં આવે છે. ત્યાર બાદ ઇ-ઓક્શનથી પ્લોટોનો વેચાણથી નિકાલ કરવામાં આવે છે.

- ઔડા દ્વારા અરજદાર-સંસ્થાની રજૂઆત આવ્યેથી લેન્ડ ડીસ્પોઝલ એન્ડ પ્રાઇઝ ફિકસીંગ કમિટી દ્વારા તળિયાની કિંમત નક્કી કરવામાં આવે છે. ત્યાર બાદ સરકારશ્રીમાં દરખાસ્ત મોકલી આપવામાં આવે છે સરકારશ્રીની મંજુરી અનુસાર અજદાર-સંસ્થાને રાહત દરે જમીન ફાળવવામાં આવે છે.

- અરજદાર-સંસ્થાની રજુઆત આવ્યેથી લેન્ડ ડીસ્પોઝલ એન્ડ પ્રાઇઝ ફિકસીંગ કમિટી દ્વારા માંગણી મુજબના પ્લોટની તળિયાની કિંમત નક્કી કરવામાં આવે છે. ત્યાર બાદ નક્કી કરેલ કિંમત મુજબ ૯૯ વર્ષના ભાડાપટ્ટે જમીનની ફાળવણી કરવામાં આવે છે.

**પેટા પ્રશ્ન ૨ (શ્રી કિરિટસિંહ સરદારસિંહ ડાભી, ધોળકા)**

- અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા સત્તામંડળના પ્લોટ ભાડે પટ્ટે આપવાનો હેતુ શું છે?

**જવાબ:**

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની હદ વિસ્તારમાં વોટર સપ્લાય પ્રોજેક્ટ, રીંગરોડના વાઇડનીંગ તથા તેના પર ફલાય ઓવર બ્રીજો તથા પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ આવાસ નિર્માણના પ્રોજેકટો વિગેરે પ્રજાલક્ષી પ્રોજેકટો હાથ ધરેલ છે. સદર પ્રોજેકટોના ખર્ચને પહોચી વળવા તથા સત્તામંડળનું આર્થિક માળખું જળવાઇ રહે તે હેતુથી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની જોગવાઇ હેઠળ સત્તામંડળને ટી.પી. સ્કીમ હેઠળ અનામત હેતુના પ્લોટો સંપ્રાપ્ત થાય છે. સંપ્રાપ્ત થયેલ પ્લોટોનો નિકાલ સરકારશ્રી દ્વારા મંજુર કરેલ લેન્ડ ડિસ્પોઝલ પોલીસી–૨૦૦૨ હેઠળ પ્લોટોનો નિકાલ ભાડેથી/વેચાણથી કરવામાં આવે છે.

**પેટા પ્રશ્ન ૩ (શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ, દસક્રોઇ)**

- ઔડા દ્વારા નિકાલ કરવામાં આવતી જમીનની કિંમત કઇ રીતે નક્કી કરવામાં આવે છે?

**જવાબ:**

- ઔડા દ્વારા અરજદાર–સંસ્થાની રજુઆત આવ્યેથી લેન્ડ ડીસ્પોઝલ પોલિસીની જોગવાઇઓ મુજબ લેન્ડ ડીસ્પોઝલ અને પ્રાઈઝ ફિક્સીંગ કમિટીની બેઠકમાં જમીનની કિમંત નક્કી કરવામાં આવે છે.